# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬-A તા.૧૩-૦૯-૨૦૨૨ (સુધારા પરિપત્ર)

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- ૩૬ નેશનલ ગેમ્સના આયોજન બાબત.

સંદર્ભ :- ૨૬-૦૮-૨૦૨૨ ના રોજ માન.કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં યોજયેલ મીટીંગ.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ૩૬ માં રાષ્ટ્રીય રમતોત્સવનું આયોજન આગામી ૨૭ સપ્ટેમ્બરના રોજથી ગુજરાતના યજમાન પદે થઈ રહ્યું છે. નેશનલ ગેમ્સ માટે જાગૃતિ લાવવાનાં ઉદ્દેશથી આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી Celebrating Unity Through Sports થીમ પર રાખેલ છે. રાજ્ય સરકાર દ્વારા તા : ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ નાં રોજ આ સાથે બિડેલા અંદાજીત શિડ્યુલ મુજબ આયોજન કરવા જણાવવામાં આવેલ છે. તમામ શાળાઓએ ઝોન દ્વારા આપની પાસે કરાવેલા આયોજન મુજબ અધિકારી / પદાધિકારીઓને શાળા ખાતે હાજર રાખી બિડાણમાં જણાવેલ મીનીટ-ટુ-મીનીટ કાર્યક્રમ મુજબ આયોજન કરવાનું રહેશે. જેમાં બે મનોરંજક રમતો અને ત્રણ લોકપ્રિય રમતોનું આયોજન કરવું

કાર્યક્રમના શીડયુલમાં જણાવ્યા મુજબ પ્રથમ ૩૦ મીનીટમાં દરેક શાળામાં મુખ્ય શિક્ષકે ૩૬ માં નેશનલ ગેમ્સ અને ફીટ ઈન્ડીયા પ્રતિજ્ઞા અંગે સ્પીચ આપવાની રહેશે. ઉપસ્થિત તમામ વ્યક્તિએ ૩૬ માં નેશનલ ગેમ્સ અને ફીટ ઈન્ડીયા પ્રતિજ્ઞા લેવાની રહેશે. આ ઉપરાંત કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થી, વાલીની સંખ્યા અને તે અંગેના ફોટોગ્રાફ શાળા કક્ષાએ નિભાવવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| મનોરંજક રમતો | : | ૧.ત્રિ પગી દોડ | ૨.રસ્સા ખેંચ |
| | | ૩. કોથળા દોડ ૩૦ મીટર | ૪. ઉભો કુદકો(સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ) |
| લોકપ્રિય રમતો | : | ૧.યોગાસન | ૨.કબ્બડી |
| | | ૩. ૫૦ મીટર દોડ | ૪. ખો-ખો |

- **શાળાના નોટિસ બોર્ડ પર રમતોનું આયોજન તા.૧૫-૦૯-૨૦૨૨ના રોજ લગાવવાનું રહેશે.**
- **એસ.એમ.સી./સ્થાનિક આગેવાનો/આમંત્રિત મહેમાનોને રમતોના આયોજનની જાણ કરવાની રહેશે.**
- **કાર્યક્રમ ૦૯:૦૦ થી ૧૧:૦૦ના સમયગાળામાં કરવાનો રહેશે.**
- **કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને મધ્યાહન ભોજન આપ્યા પછી મુક્ત કરવાના રહેશે.**
- **શાળાની સંખ્યા વધુ હોય તો રમતોનું આયોજન અગાઉના દિવસે કરી કાર્યક્રમના દિવસે સેમિફાઈનલ અને ફાઈનલ પ્રકારે રમતોનું આયોજન કરવાનું રહેશે.**
- **વિજેતા બાળકોને ઈનામ વિતરણ પ્રથમ નંબરને કમ્પાસ, બીજા નંબરને પેન, ત્રીજા નંબરને પેન્સિલ અને રબર આપવાના રહેશે. લોક સહકારથી વધુ સારા ઈનામ આપવાની વ્યવસ્થા સ્થાનિક કક્ષાએથી કરી શકાય.**

બિડાણ : પરિશિષ્ટ

તા.૧૩-૦૯-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**તા.૧૩-૦૯-૨૦૨૨**

**અગત્યની નોંધ :**

**પરિશિષ્ટ**
**તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨**

| સમય | વિગત |
|---|---|
| ૩૦ મીનીટસ | સવારનું પ્રવચન<br>• શાળાના આચાર્ય/ સ્પોર્ટસ ડાયરેક્ટર/કોઓર્ડિનેટર દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સ અંગેનું પ્રવચન<br>• ફીટ ઇન્ડિયા ઓથ |
| ૧૦ મીનીટસ | સરપંચ/ સ્થાનિક આગેવાન દ્વારા પ્રવચન |
| ૬૦ મીનીટસ | રતમગમતની પ્રવૃતિઓ (ધોરણ ૧ થી ૮)<br>ઇન્ટર ક્લાસ સ્પર્ધાઓનું આયોજન |
| ૩૦ મીનીટસ | ઇનામ વિતરણ |
| ૦૫ મીનીટસ | આભાર વિધી |

- રમતગમતની પ્રવૃતિઓ મહાનુભાવોની વિદાય બાદ પણ ચાલુ રાખવી કે જેથી ઓછામાં ઓછી ૫(પાંચ) (૨ રિક્રિએશનલ રમતો સાથે) પ્રચલિત ભારતીય રમતોની સ્પર્ધાઓનું આયોજન થઇ શકે.
- **<u>ફીટ ઇન્ડિયા ઓથ :</u>** હું પ્રતિજ્ઞા કરું છું કે, હું દરરોજ વ્યાયામ, ખેલકુદ, શારીરિક પ્રવૃતિઓ માટે સમય કાઢી તંદુરસ્ત રહિશ અને મારા પરિવાર તથા પાડોશીઓને તંદુરસ્ત રહેવા માટે પ્રોત્સાહિત કરી 'ફીટ ઇન્ડિયા'ને જનઆંદોલન બનાવીશ.

તા.૧૩-૦૯-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# 36TH NATIONAL GAMES

## AMC SCHOOL BOARD PRESENTATION

# PLANNING OF 16 SEP. 2022

- ધો- 1 થી 5 ની 396 શાળાઓમાં તાઃ- 16-09-2022 ના રોજ રમતોત્સવ યોજાશે
- ધોઃ- 1 થી 5 ના 107915 વિદ્યાર્થી ભાગ લેશે.
- ધો – 1 થી 5 ના 2111 જેટલા શિક્ષકો ભાગ લેશે
- 208 જેટલા HTAT મુખ્ય શિક્ષકો ભાગ લેશે.
- ઝોન લેવલના અધિકારી શાળાઓની મુલાકાત લેશે

# PLANNING OF 17 SEP. 2022

- ધો- 6 થી 8 ની ધરાવતી 358 શાળાઓમાં તાઃ- 17-09-2022 ના રોજ રમતોત્સવ યોજાશે
- ધોઃ- 6 થી 8 ના 59107 વિદ્યાર્થી ભાગ લેશે.
- ધો – 6 થી 8 ના 1787 જેટલા શિક્ષકો ભાગ લેશે.
- 150 જેટલા HTAT મુખ્ય શિક્ષકો ભાગ લેશે.
- ઝોન લેવલના અધિકારી શાળાઓની મુલાકાત લેશે

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૬-B તા.૧૩-૦૯-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩ના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જશભ/વિજ્ઞાન-ગણિત એકમ/૨૦૨૨/૧૮૩૩-૩૭ તા.૦૩-૦૯-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩નું આયોજન જીસીઈઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ કરવાનું થાય છે. આ પ્રદર્શનનો મુખ્ય થીમ અને પેટા વિષયો આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

મુખ્ય વિષય :- ટેકનોલોજી અને રમકડાં

પેટા વિષય :- ૧. માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીમાં ઉન્નતિ-નાવીન્ય

૨. (એ) ઈકો ફ્રેન્ડલી સામગ્રી

(બી) પર્યાવરણ સંબંધિત ચિંતા

૩. સ્વાસ્થ્ય અને સ્વચ્છતા

૪. પરિવહન અને નાવીન્ય

૫. (એ) વર્તમાન નાવીન્ય દ્વારા ઐતિહાસિક વિકાસ

(બી) આપણા માટે ગણિત

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૩-૦૯-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃજશભ/વિજ્ઞાન-ગણિત એકમ/ ૨૦૨૨/ 1833-37
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર
ગોતા ચોકડી પાસે, ગોતા ઓગણજ રોડ, અમદાવાદ
ઇ-મેઇલઃ diet-urban-ahd@gujarat.gov.in
Web : www.dietahmdcity.org
તારીખઃ ૩/૯/૨૦૨૨

પ્રાચાર્ય

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**વિષયઃ- વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩ના આયોજન બાબત..**

**સંદર્ભ - જીસીઇઆરટીના પત્રક્રમાંક- જીસીઇઆરટી-વિજ્ઞાન-૨૫૦૩૨-૨૫૦૬૨, તા. ૨-૯-૨૦૨૨**

**મહાશય,**

જયભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે NCERT, New Delhiના ૩૦-૮-૨૦૨૨ ના પત્ર અન્વયે વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩નું આયોજન જીસીઇઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ કરવાનું થાય છે. NCERT, New Delhi દ્વારા આ પ્રદર્શનનો મુખ્ય થીમ અને પેટા વિષયો આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

Main Theme- Technology and Toys

મુખ્ય વિષય- ટેકનોલોજી અને રમકડાં

**Sub theme –**

| | |
|---|---|
| 1.Advancement in Information & Communication Technology) | ૧.માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીમાં ઉન્નતિ – નાવીન્ય |
| 2. A. Echo Friendly Material | ૨. A. ઇકો ફ્રેન્ડલી સામગ્રી |
| 2. B. Environmental Concerns | ૨. B. પર્યાવરણ સંબંધિત ચિંતા |
| 3. Health and Cleanliness | ૩. સ્વાસ્થ્ય અને સ્વચ્છતા |
| 4. Transport and Innovation | ૪. પરિવહન અને નાવીન્ય |
| 5. A. Historical Development with Current Innovation | ૫. A. વર્તમાન નાવીન્ય દ્વારા ઐતિહાસિક વિકાસ |
| 5. B. Mathematics for Us | ૫. B. આપણા માટે ગણિત |

Topic for one day Seminar

**ટકાઉ ભવિષ્ય માટે વૈજ્ઞાનિક નાવીન્ય ( Scientific Innovation for Sustainable future)**

આથી આપની કક્ષાએથી આપના એસવીએસ, તાલુકા અને ઝોનની તમામ શાળાઓને વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૨-૨૩ના મુખ્ય વિષય અને પેટા વિષયોની જાણ કરવા વિનંતી છે. જેથી વિષયો અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા મોડેલ તૈયાર કરવાની શરૂઆત થઇ શકે.. મોડેલ તૈયાર કરવાની વિગતવાર માર્ગદર્શિકા જીસીઇઆરટી તરફથી મળેથી તાત્કાલિક આપને મોકલવામાં આવશે.

*સહકારની અપેક્ષા સહ,*

*આભાર...*

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ-શહેર

**નકલ સવિનય રવાના-**

- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર - સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર